જન્મદિને વધામણી

બી બી સોલંકી
મો. ૯૪૨૭૬ ૦૭૧૪૧

કરિશ્મા સુનિલભાઈ વોરા
મો. ૮૪૬૦૬ ૬૭૩૩૬

લાડકુ કલ્પેશભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૨૦૫૯૫

મનુભાઈ મથુરભાઈ મિસ્ત્રી
મો. ૯૭૨૭૭ ૦૬૬૩૬

મનુષ્ય સદ્‌ગુણોનો ભંડાર છે

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય દ્વારા ગાંધીનગર ખાતે શ્રેષ્ઠ પ્રશાસન જાગૃતિ અભિયાનનો ભવ્ય પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૧

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય દ્વારા રવિવારે સવારે ગાંધીનગર ખાતે શ્રેષ્ઠ પ્રશાસન જાગૃતિ અભિયાનનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરા, અતિથિ વિશેષ તરીકે રાજ્યના મુખ્ય સચિવ જે એન સિંગ, મુખ્ય વક્તા તરીકે બ્રહ્માકુમારી આશાબેન, ભોપાલનાં ક્ષેત્રીય સંચાલિકા અવધેશબેન તથા રાજયોગિની સરલાદીદી ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. ૧૨ દિવસીય આ શિબિરના ઉદ્‌ઘાટન પ્રસંગે ગાંધીનગર બ્રહ્માકુમારીઝનાં કેલાસદીદીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. આ અભિયાન હેતુ ગાંધીનગર ઉપરાંત રાજકોટ, ગોધરા અને દમણથી એકસાથે રેલીનું પ્રસ્થાન પણ કરાવવામાં આવ્યું હતું.

રમણલાલ વોરા

જેમને જે કાર્ય મળે તે પ્રામાણિકતાથી કરવું જોઈએ. સેવાકાર્યમાં સંવેદના અને સમન્વય માટે સંવાદ જરૂરી છે. પોતાની જાતને સકારાત્મક દિશામાં કે હકારાત્મક દિશામાં વાળવા અને સુશાસન માટે સૌનો સાથ પણ જરૂરી છે.

જે એન સિંગ

પ્રશાસનમાં પ્રામાણિકતા, પારદર્શકતા આવશ્યક છે. આજે વધુ ને વધુ પ્રશાસકો બ્રહ્માકુમારીઝના આવા કાર્યક્રમો કરતા રહે તે જરૂરી છે. શ્રેષ્ઠ પ્રશાસન માટે સહયાત્રા જરૂરી છે.

આશાબેન

સારા પ્રશાસક થવા સ્વયં અનુશાસિત થવું જરૂરી છે. જ્યાં જનતા અને પ્રશાસક સુખી હોય, જ્યાં કોઈ વેદના, દુખ ન હોય તેને શ્રેષ્ઠ પ્રશાસન કહી શકાય. દરેક વ્યક્તિએ પોતે નક્કી કરવું જોઈએ કે પોતે વેતનના બદલામાં કેવું કામ કરે છે. એકાગ્રતા એ શ્રેષ્ઠ પ્રશાસકનું હથિયાર છે. જે પોતાની જાતને અંકુશમાં રાખી શકે તે સર્વને અંકુશમાં રાખી શકે છે.

સખ્તાઈથી પ્રશાસન કરવા કરતાં પ્રેમ અને પોતીકાપણું દાખવી સમજાવટથી કામ લેવામાં આવે એ શ્રેષ્ઠ પ્રશાસન માટે જરૂરી છે. મનુષ્ય સદ્‌ગુણોનો ભંડાર છે, જરૂર છે ફક્ત સદ્‌ગુણોને ઉજાગર કરવાની.

અવધેશદીદી

દરેક ક્ષેત્રની જેમ આ ક્ષેત્રમાં પણ વ્યક્તિએ પોતાનાથી જ શરૂઆત કરવી જોઈએ, તો જ સફળતા મળશે. સ્વપરિવર્તનથી જ સમાજપરિવર્તન કરી શકાશે.

સરકારી શાળાના બાળકોનું ટેલેન્ટ નિહાળી શહેર દંગ થયું

આપણું ફાઉન્ડેશન દ્વારા સે. ૨૨ રંગમંચ ખાતે પ્રસ્તુત કરાયેલ ''ગજોત્સવ''થી પ્રેક્ષકો અભિભૂત : ૧૫૦થી વધુ બાળકોએ એકમેકથી ચડિયાતી કૃતિઓ પ્રસ્તુત કરી : ''થેન્ક્યુ પાપા'' ફિલ્મનું સ્ક્રીનીંગ કરાયું

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરમાં સેક્ટર-૨૨, રંગમંચ ખાતે ગણેશોત્સવ ભારે હર્ષોલ્લાસથી ઉજવાઈ રહ્યો છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમિતિએ સૌનો આભાર માન્યો છે. આ મહોત્સવમાં તા. ૯-૯-૨૦૧૬ શુક્રવારના રોજ ગાંધીનગરની સરકારી પ્રાથમિક શાળાના બાળકોનો અનોખો ''ગજોત્સવ ટેલેન્ટ શો'' તેમજ કૃણાલ વ્યાસ દિગ્દર્શિત દીકરી બચાવો દીકરી ભણાવો થીમ પર 'થેંક્યુ પપ્પા'' નામની ફિલ્મનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું.

આ આખો કાર્યક્રમ 'આપણું ફાઉન્ડેશન' દ્વારા યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રાથમિક શાળાના આર્થિક રીતે નબળા પરિવારના બાળકો, સ્પેશીયલ ચિલ્ડ્રન હોમના બાળકો, બ્લાઈન્ડ સ્કૂલના બાળકો તેમજ દિવ્યાંગ બાળકો દ્વારા અનોખો ટેલેન્ટ શો યોજાયો હતો. આ ટેલેન્ટ શો માં આશરે ૧૫૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. આ શોમાં ગણેશ વંદના, દુર્ગા પૂજા, નાસિક ઢોલ, ડાંગ નૃત્યુ, પ્રાચીન ગરબો, બ્લાઈન્ડ સ્કૂલ સેક્ટર-૧૬ દ્વારા મ્યુસિક શો, સ્પેશીયલ ચિલ્ડ્રન હોમ દ્વારા એમ.જે. સ્ટાઈલ ડાન્સ તેમજ ભરત નાટ્યમ જેવા વૈવિધ્ય પૂર્ણ કાર્યક્રમો રજુ થયા હતા. આ કાર્યક્રમને નિહાળવા અને બાળકોને જુસ્સો વધારવા ખુબજ મોટી સંખ્યામાં નગરજનો આવ્યા હતા. આ બધા પરફોર્મન્સમાંથી ૨ બેસ્ટ પરફોર્મન્સને ટ્રોપી આપવામાં આવી હતી. પ્રથમ નંબર 'જય હો' ડાન્સને તેમજ દ્વિતીય નંબર એમ.જે. સ્ટાઈલ ડાન્સને મળ્યો હતો. જેના નિર્ણાયક રંગમંચ પર આવેલી ઓડીયન્સ હતી. તેમજ 'દીકરી બચાવો અને દીકરી ભણાવો' વિષય પર આધારિત 'ફિલ્મ થેંક યુ પપ્પા'નું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું. જેના દિગ્દર્શક કૃણાલ વ્યાસ છે. તે ઉપરાંત 'આપણું ફાઉન્ડેશનને ૧ વર્ષ પુરા થવા બદલ ગણેશ મહોત્સવ સમિતિના પ્રમુખ નિશિત વ્યાસના હસ્તે કેક કાપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા આપણુ ફાઉન્ડેશનની ટીમ અને સ્વયંસેવકોએ બાળકોના ટેલેન્ટને બહાર લાવવા તન તોડ મહેનત કરી હતી. કાર્યક્રમમાં પ્રથમ અને દ્વિતિય ક્રમની ટીમને ટ્રોફી એનાયત કરાઈ હતી. આ બાળકોને પ્રોત્સાહન આપી કાર્યક્રમને દિપાવવા વિધાનસભા વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા પણ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ ગણેશોત્સવ સમિતિને સતત ૪૭મા વર્ષે મહોત્સવની ઉજવણી બદલ પ્રમુખ નિશિત વ્યાસને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ભગવાન શ્રીગણેશજીની પૂજા અર્ચના કરી દર્શન કર્યા હતા. વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, ઉપાધ્યક્ષ, ગુજરાત વિધાનસભા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, કૃણાલ વ્યાસ, મનપાના હેલ્થ ઓફિસર ડી.એન. બારોટ, નાયબ મ્યુ. કમિશનર કિશોરભાઈ બચાણી, ટીવી ફિલ્મ એક્ટર જનક ઠક્કર, એડવોકેટ પ્રદિપસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા જયરાજસિંહ સરવૈયા, આશાબેન સરવૈયા, કલ્પેશ બાલપાંડે અને ભાસ્કર બાલપાંડેએ જહેમત ઉઠાવી હતી. મોટી સંખ્યામાં નગરજનો અને કલાપ્રેમીઓ હાજર રહી વધાવતા આ કાર્યક્રમને બહોળો પ્રતિસાદ મળ્યો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન વિનોદભાઈ ઉદેચા, જૈમિન પાઠક તથા ધ્રુવ મહેતાએ કર્યું હતું. કાર્યક્રમ પત્યા બાદ આપણું ફાઉન્ડેશન દ્વારા દરેક બાળકોને 'પગરખા' ભેટ આપી પ્રોત્સાહિત કરાયા હતા.

ચૌધરી મહિલા કૉલેજ ખાતે વિદ્યાર્થીનીઓ માટે આરોગ્ય વિષયક વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૧૧

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના કાઉન્સેલિંગ સેલ દ્વારા ડૉ. વિદ્યાબેનના વ્યાખ્યાનનું આયોજન વિદ્યાર્થીનીઓ માટે કરવામાં આવ્યું હતું, જેમાં ૮૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

આ વ્યાખ્યાન અંતર્ગત વિદ્યાર્થીનીઓને શારીરિક અવયવોની માહિતી આપવામાં આવી હતી તથા તેમાં ઊભી થતી સમસ્યાઓ, રોગો વિશે વિગતવાર સમજ આપવામાં આવી હતી. આવા રોગોના નિવારણ માટે શું ઉપાયો કરી શકાય એ બાબતની સમજ પણ વિદ્યાર્થીનીઓને આપવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. સજજબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. ઊર્મિલાબેન ચૌધરીએ માર્ગદર્શન આપ્યું હતું, મનીષાબેન ચૌધરીએ સક્રિય સાથ આપ્યો હતો.

વી એમ - એચ વી બાલમંદિરમાં ગણેશ મહોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત વી.એમ. પટેલ કુમાર અને એચ.વી. પટેલ કન્યા બાલ મંદિર ગુજરાતી માધ્યમમાં ગણેશ ચતુર્થીનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રામાં ડાન્સ કરતા કરતા વાજતે ગાજતે ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી. તેમજ આરતી પૂજન કરવામાં આવ્યું હતું. બાલમંદિરના ભુલકાઓએ શિવ પરિવારની વેશભૂષામાં સજ્જ જોવા મળ્યા હતા. શ્રી ગણેશજી, શિવજી પાર્વતીજી, કાર્તિકેય, રિદ્ધિ-સિદ્ધિ, નંદીજી અને મુસક વગેરેની વેસભૂષામાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. બાળકોએ ગણેશ વંદના રજૂ કરી હતી. 'મોરીયા રે મોરીયા ગણપતિ બાપા મોરીયા'ના નારા સાથે એકબીજા પર ગુલાલ તેમજ ફૂલ વર્ષા કરી આખા કેમ્પસને ભક્તિમય બનાવ્યું હતું. જેમાં એમ.બી. પટેલ પ્રાયમરી શાળાના પ્રિન્સિપાલ નીરુબેન પટેલ, બાલમંદિરના શિક્ષક, તેમજ બાલમંદિરના કો-ઓર્ડિનેટર કિરણબેન પટેલની ઉપસ્થિતિમાં નાના બાળકોએ ગણેશચતુર્થીનો કાર્યક્રમ ઉજવ્યો હતો.

ડાયરેક્ટ ❤ સે

જિંદગી અખબાર જેવી છે; તમે આજના છો તો કામના છો અને જૂના થઈ ગયા તો રદ્દીમાં ગણાઈ જશો.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
બાર બાર દેખો
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩
બાર બાર દેખો
૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

સ્ક્રીન-૪
એક કહાની જુલી કી (એ)
૧૦.૦૦, ૧૨.૩૦
રોંગ સાઈડ રાજુ (ગુજરાતી)
૬.૩૦
તુ તો ગયો (ગુજરાતી)
૩.૩૦. ૯.૩૦

સ્ક્રીન-૫
બાર બાર દેખો
સવારે ૧૦.૦૦
અકિરા
૧.૦૦, ૭.૦૦
ફિકી અલી
૪.૦૦, ૧૦.૦૦

મારા દાદા મૂક સેવક ને સાચા વૈષ્ણવ જન હતા

સંવેદના
યાદ દાદા-દાદીની

મારા દાદા એ મારો આદર્શ છે. નવલગંગાને તીરે વસેલ સાવરકુંડલા એ એમની જન્મભૂમિ તેમજ કર્મભૂમિ. હરિલાલ લાલજી ત્રિવેદી એ મારા દાદા. બ્રાહ્મણોમાં પણ ઉચ્ચ એવી શ્રીમાળી બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મ. આજીવન ત્રિકાળ સંધ્યા કરતાં, છતાં ગાંધીજીની હરિજન પ્રવૃત્તિ શરૂ થઈ એ પહેલાં ૨૧મા વર્ષે એમણે હરિજનશાળા સ્થાપેલી. ગામમાં વિરોધ થયો, જ્ઞાતિએ બહિષ્કાર પોકાર્યો. પણ મક્કમ રહ્યા. કુંડલા મીડલ સ્કૂલમાં, પોતાના વર્ગમાં ત્રણ હરિજન વિદ્યાર્થી દાખલ કરેલા, ત્યારે ગામમાં હડતાળ પડી. પણ રાજ્ય મક્કમ રહ્યું. પરંતુ રૂઢિચુસ્તોએ તેમની બદલી તળાજા કરાવી, જેના વિરોધમાં રાજીનામું આપ્યું ને ગામે જાહેરસભા ભરી સન્માન કર્યું.

હરિજનવાસોમાં પૂર આવે ત્યારે ઘસારો લાગે અને સ્વચ્છ પાણી પણ મળતું નહોતું ત્યારે રજૂઆત કરી પાકા કાંઠા બંધાવડાવ્યા અને નવા કૂવા બંધાવડાવ્યા. વણકરવાસમાં હરિજન વિદ્યાર્થીઓને ભણાવવા જતા ત્યારે વણકર-વાલ્મિકી વચ્ચેની અસ્પૃશ્યતાને કારણે વાલ્મિકી વિદ્યાર્થીઓને આવવા નહોતા દેવાતા, એટલે એમણે વાલ્મિકી વાસમાં પણ અલગ ભણાવવાનું શરૂ કર્યું. મેઘજી પેથરાજ સાર્વજનિક વિદ્યાલય કે જેમાં ૯૦ ટકા દલિતો ને ગરીબોનો સમાવેશ થતો હતો એમના અભ્યાસ, વિકાસ હેતુ ૭૫ વર્ષની વય સુધી ગૃહપતિ રહ્યા.

દાદાએ ૧૬ વર્ષની ઉંમરે જાહેર પ્રવૃત્તિ શરૂ કરી હતી. તેઓ ભાવનગર ભણતા, પણ વેકેશનમાં બાલ ગંગાધર તિલકના નામ પરથી બાલ મિત્ર મંડળની સ્થાપના કરી. ઝવેરચંદ મેઘાણીના પિતરાઈ વ્રજલાલભાઈ પાસે નાના સંવાદો અને નાટકોની રચના કરાવી, સામાજિક સુધારા, અમલદારોની લાંચ રુશ્વત અને રાજકીય જુલ્મોના પાઠ ભજવતા, જેનાથી પ્રજામાં જાગૃતિ આવી હતી અને અમલદારો પણ ડરવા લાગ્યા હતા. ખાદી તાલીમ દરમ્યાન સાબરમતી આશ્રમમાં એક તરફ ગાંધીજી અને બીજી તરફ વિનોબાજીની જોડેની ઓરડીમાં રહેવાનું સદ્‌ભાગ્ય મળ્યું હતું. તો ઠક્કરબાપા એમને એકાદ વર્ષ ઉમરાળા લઈ ગયેલા. સર પ્રભાશંકર પટ્ટણીને સ્કાઉટની દિક્ષા એમણે આપી હતી. તો વ્યાયામના કરતબથી કૃષ્ણકુમારસિંહજીને રાજી કરી જમીન મેળવી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ શાળાની સ્થાપના પણ કરી હતી.

તેઓ સુગર સમિતિના મંત્રી હોવા છતાં આ કપરું ને જોખમવાળું કામ પાંચ વર્ષ કરી કુંડલા તાલુકામાં ખાંડની વહેંચણી કરી હતી. ખાંડનો કંટ્રોલ ભાવ મણના રૂા. ૧૨ હતો ત્યારે કાળા બજારમાં રૂા. ૧૨૦ હતો. પરંતુ અમારા ઘરમાં રેશનની ખાંડ ખલાસ થાય એટલે બાકીનો આખો મહિનો ચા-દૂધ મોળા જ મળે. આ પ્રામાણિકતાના પિયુષ આજે પણ અમારી આજની પેઢીને પ્રેરણા આપી રહ્યાં છે.

તેમની ખંત, મહેનત, પ્રામાણિકતા અને પાઈએ પાઈના હિસાબની ચીવટ, દરેક રોજિંદા કાર્યની નોંધ, બાહોળ વહીવટ કુશળતાને કારણે તેઓ સાવરકુંડલાની સંસ્થાઓના પ્રાણ સમ હતા. બાલ જીવન મિત્ર મંડળ વિલિન થઈ સાવરકુંડલા કેળવણી મંડળ બન્યું તે, જાહેર લાયબ્રેરી, સાર્વજનિક દવાખાનું, કુંડલા વિદ્યાર્થી ભવન, મહાત્મા ગાંધી ધર્મશાળા, કુંડલા કન્યાશાળા, નૂતન વિદ્યાલય... કેટકેટલાં નામ લઉં! ક્યાંક મંત્રી તરીકે, ક્યાંક ગૃહપતિ તરીકે તો ક્યાંક આચાર્ય તરીકે તેમની ભાગીદારી હોય જ! દરેક મકાનના બાંધકામની દેખરેખ તો એમને હસ્તક જ. આટલું ઓછું હોય એમ તેઓ જન્મભૂમિના પત્રકાર પણ હતા.

આવી આજીવન અનેકવિધ પ્રવૃત્તિના આરાધક. જ્યારે પણ અમારે ત્યાં આવે મારા માટે કુંડલા કેસરી પેંડા તો લાવે જ. પછી તે સાપરીયાના હોય કે દાસના. તેઓ ગાય-બકરીની જેમ પોતાના કામ હલાવી શકતા.

એ આંખોને સ્હેજ અડકે ત્યાં એમની ઉપરની આંખોમાં પોપચાં અર્ધાં વળી જાય અને એ લાલ પોપચાંથી મને ડરાવતાં પણ ખરાં. તેઓ તરણકુંડમાં મધ્યમાં, કલાકો સુધી શવાસનની સ્થિતિમાં તરી શકતા તો રાજકોટ આવે અને ભરઉનાળાની ખરી બપોર હોય - રાષ્ટ્રીય શાળામાં નારાયણ દેસાઈને મળવા અચૂક જાય. મારા દાદા મૂક સેવક હતા ને સાચા વૈષ્ણવ જન હતા.

- અશોક ત્રિવેદી
ખ-૦ પાસે, ગાંધીનગર

એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટસ કોલેજ, કડીના સંસ્કૃત વિષયના પ્રાધ્યાપક ડૉ. મનસુખ પટોલિયાએ પ્રસિદ્ધ રામાયણી પૂ. મોરારીબાપુના કૈલાસ ગુરૂકુલ-મહુવામાં યોજાયેલ સંસ્કૃત સં.ક. ૧૬માં પૂ. મોરારીબાપુના સાનિધ્યમાં દત્તાત્રેય વિશે વ્યાખ્યાન આપ્યું હતું, જેનું વિશ્વના ૧૭૦ દેશોમાં આસ્થા ચેનલના માધ્યમથી જીવંત પ્રસારણ કરાયું હતું.

વાચકોને આમંત્રણ

'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

'મારું વતન - વહાલું વતન'